




## બાયડમાં ભાજપ યુવા મોરચા દ્વારા મશાલ રેલીનું આયોજન

તા.૧૪ ઑગષ્ટના રોજ બાયડ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા અખંડ ભારત દિન નિમિત્તે બાયડ હાઈસ્કુલ થી બસ સ્ટેશન સુધીની મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વંદે માતરમ્ અને ભારત માતા કી જય..ના નારા સાથે માર્ગો ઉપર નિકળેલી મશાલ રેલીથી દેશ ભક્તિનો માહોલ જોવા મળ્યો. પ્રાપ્ત જાણકારી અનુસાર સમગ્ર દેશમાં ૧૪ ઑગષ્ટના રોજ અખંડ ભારત દિવસની ઉજવણી નિમિત્તે ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ જીગર પટેલ, મહામંત્રી જલદિપ પટેલ વગેરેની આગેવાની હેઠળ બાયડ હાઈસ્કુલથી સમી સાંજે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાયડ શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, જિલ્લા ભાજપ યુવા મોરચા મંત્રી તપન એ. પટેલ સહિત ભાજપના અગ્રણી કાર્યકરો મશાલ રેલીમાં જોડાયા હતા.

# વરસાદની ખેંચ : બાયડ તાલુકામાં મેઘરાજાને રીઝવવા વરૂણદેવ ગાયત્રી યજ્ઞ યોજાયો

### મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી આહૂતિ આપી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાતાં વિકટ સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે બાયડ તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા મેઘરાજાને મનાવવા જૂનીવાસણી ગામે વરૂણદેવ ગાયત્રી યજ્ઞ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી યજ્ઞમાં આહૂતિ આપી અનરાધાર મેઘવર્ષા થાય તે માટે પ્રાર્થના કરી હતી.

નવરાત્રિના પર્વની તૈયારીઓ ચાલી રહી છે. સડસડાટ ઑગષ્ટ મહિનો પસાર થઈ રહ્યો છે છતાં વરસાદની અછતથી અત્ર, તત્ર, સર્વત્ર ચિંતા હાવિ થઈ ગઈ છે. અરવલ્લી જિલ્લામાં ઓછા વરસાદના કારણે ખરીફ વાવેતર ઉપર સંકટ ઉભું થયું છે. ત્યારે ગાયત્રી પરિવાર દ્વારા વરસાદ વરસે તે માટે ગ્રામ્ય



વિસ્તારોમાં યજ્ઞ શરૂ થયા છે. તા.૧૫ ઑગષ્ટના રોજ જૂની વાસણી ગામે મેઘરાજાને મનાવવા માટે ગાયત્રી પરિજનોની ઉપસ્થિતિમાં વરૂણદેવ, ગાયત્રી યજ્ઞ યોજાયો જેમાં ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય, યજ્ઞશાસ્ત્રી ચંદ્રકાન્તભાઈ જોષી સહિત ગાયત્રી પરિજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં પરિણામ આધારીત ગ્રાન્ટથી અનુદાનિત શાળાઓનો વહીવટ મુશ્કેલ

### ગ્રાન્ટની નીતિ સંચાલકો માટે ગળાનું હાડકું બની

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શાળાઓને પરિણામ આધારીત ફળવાતી ગ્રાન્ટથી અસંખ્ય શાળાઓનો વહીવટ કરવો સંચાલકો માટે મુશ્કેલ બની ગયો છે. વિવિધ શાળા સંચાલક મંડળો અને શિક્ષણ વિભાગના અધિકારીઓ વચ્ચે આ મુદ્દે અવાર નવાર ચર્ચાઓ થઈ છે છતાં કોઈ નિર્ણય લેવાયો નથી જેથી અનુદાનિત શાળાઓ માટે ગ્રાન્ટની નીતિ ગળાનું હાડકું બની છે. પરિણામ આધારીત ગ્રાન્ટની નીતિ રદ કરી તેના બદલે તમામ શાળાઓની ગ્રાન્ટ મળે તે માટે કેટલાક શાળા સંચાલક મંડળોએ સરકાર સમક્ષ રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિના કારણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની શાળાઓને અનુદાન મળતું નથી જેથી પરિણામ આધારીત ગ્રાન્ટની નીતિ દૂર કરવા માટેની માંગ છેલ્લા ઘણા સમયથી ઉઠી રહી છે. ખાસ કરીને અંતરીયાળ આદિવાસી વિસ્તારની શાળાઓમાં સંચાલકો માટે શાળાઓનો વહીવટ કરવો પણ અત્યંત મુશ્કેલ બની ગયો છે. ગ્રાન્ટની સાથે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અનુદાન પરિણામ ઉપર આપવામાં આવે છે તેના કારણે શાળાઓનો વિકાસ રૂંધાયો હોવાની હૈયાવરાળ સામે આવી છે. જ્યારે ગ્રાન્ટ ઉપર હંગામી વર્ગોમાં પ્રવાસી શિક્ષકોની ભરતી મુદ્દે પણ સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે. શાળાઓમાં આંકડાશાસ્ત્રના શિક્ષકો મળતા ન હોવાથી કોમર્સ વિષયના ઉમેદવારોથી જગ્યા ભરવા માટે પણ માંગ ઉઠવા પામી છે. છેલ્લા કેટલાય સમયથી સરકાર પરિણામ આધારીત ગ્રાન્ટની નીતિને વળગી રહી છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારની અનુદાન મેળવતી શાળાઓને ડગલે ને પગલે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી આ મુદ્દે જિલ્લા સહિત રાજ્યના વિવિધ શાળા સંચાલકો દ્વારા પરિણામ આધારીત ફળવાતી ગ્રાન્ટનો સખ્ત વિરોધ કરી તમામ શાળાઓને ગ્રાન્ટ મળે તે માટે ગાંધીનગર સુધી રજૂઆત કરવામાં આવી છે. સરકાર ગ્રાન્ટની નીતિમાં કોઈ ફેરફાર નહીં કરે તો બંન્ને જિલ્લાની અનેક ગ્રામ્ય વિસ્તારની શાળાઓને તાળાં વાગે તેવી સ્થિતિ પેદા થઈ છે.

## પાંચકુહાડામાં જુગારની રેડ : ૪ પત્તાપ્રેમી ઝડપાયા

ધનસુરા તાલુકાના પાંચકુહાડા ગામની સીમમાં જાહેરમાં હારજીતનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ગત રોજ પોલીસે ઓચિંતો છાપો મારતાં ૪ પત્તા પ્રેમી રૂા.૨૩૦૦ની રોકડ સાથે ઝડપાતાં લૉકઅપમાં ધકેલ્યા છે. છેલ્લા કેટલાય સમયથી જુગારધામ ધમધમતું થતાં દૂર દૂરથી જુગારી આ સ્થળે જુગાર રમવા માટે આવતા થયાની વાતો વચ્ચે શ્રાવણિયા જુગારમાં પોલીસનું સેટીંગ ન થતાં છાપો માર્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. ચોક્કસ મકાન અને ખેતરોમાં કામ ચલાઉ જુગારધામ ધમધમતાં થયાં હોવા છતાં પોલીસ બેખબર જણાઈ રહી છે માત્ર બાતમીના આધારે જુગાર સ્થળો ઉપર રેડની કાર્યવાહી થતી હોવાથી ખાખી વર્દીની કામગીરી સામે અનેક સવાલ થઈ રહ્યા છે.

# સારસ્વત હાઈસ્કુલ-બાયડમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

### લાયન્સ કલબ-બાયડના પ્રમુખ નરેશચંદ્ર પરમારે તિરંગો લહેરાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

સારસ્વત હાઈસ્કુલ-બાયડમાં રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી.



લાયન્સ કલબ-બાયડના પ્રમુખ નરેશચંદ્ર પરમારે તિરંગો લહેરાવી સૌને સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ સ્વાતંત્ર્ય પર્વને યાદગાર બનાવવા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી તેના જતન માટે સંકલ્પબદ્ધ બન્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર સારસ્વત હાઈસ્કુલ-બાયડમાં લાયન્સ કલબ-બાયડના પ્રમુખ તરીકે નિમાતા સભ્ય દ્વારા વર્ષો વર્ષ ધ્વજવંદનનો કાર્યક્રમ ૧૫ ઑગષ્ટે યોજાય છે તે પરંપરા આ વર્ષે પણ જાળવી રાખવામાં આવી. તા.૧૫ ઑગષ્ટના રોજ લાયન્સ કલબ-બાયડના પ્રમુખે તિરંગો લહેરાવ્યા પછી ભારતના ભાવિ ઘડવૈયાઓને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને દેશને સ્વાતંત્રતા અપાવવામાં જેમને પણ બલિદાન આપ્યું છે તેમને યાદ કર્યા હતા. પર્વની ઉજવણીમાં લાયન નેતા અતુલભાઈ જોષી, શૈલેષભાઈ શાહ, કમલેશભાઈ પટેલ, લાયન્સ કલબ-બાયડના સેક્રેટરી દેવચંદભાઈ પરમાર સહિત લાયન્સ-લીઓ કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ આયોજન સારસ્વત હાઈસ્કુલ-બાયડના આચાર્ય આરીફભાઈ મિરઝા તથા શાળા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# માધવગઢકંપા પ્રાથમિક શાળાના શિક્ષિકાને પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ તાલુકાની માધવકંપા (માધવગઢકંપા) પ્રા.શાળાના શિક્ષિકા નીધીબેન મનહરભાઈ પટેલને શિક્ષણ



વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર આપી તા.૧૫ ઑગષ્ટના રોજ ગ્રામ પંચાયતના સરપંચ હસ્તે સન્માનિત કરાતાં પ્રા.શાળા સંકુલમાં ખુશાલી છવાઈ છે. રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ-૨૦૨૧-૨૨ ના પ્રથમ સત્ર દરમ્યાન સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્યપૂર્ણ પ્રયોગો, સામાજીક ક્ષેત્ર વગેરેમાં ઉત્સાહપૂર્વક સક્રીય યોગદાન આપ્યું હોય તેવા પ્રા.શિક્ષકોને સન્માન કરવાનો નિર્ણય પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના સચિવ ડૉ.વિનોદ રાવ દ્વારા લેવામાં આવ્યો હતો તે અંતર્ગત જિલ્લાના પ્રતિભાશાળી પ્રા.શિક્ષકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે. માધવગઢકંપા પ્રા.શાળાના શિક્ષિકા નીધીબેન પટેલે પ્રથમ સત્ર દરમ્યાન કરેલી સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ કામગીરીને ધ્યાને લઈ તેમને પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર આપી સન્માનિત કરાતાં શાળાના મુખ્ય શિક્ષક ભાવનાબેન ગોસ્વામી, ઉ.શિ.અનિલભાઈ પટેલ, એસ.એમ.સી. કમીટી અધ્યક્ષ, ગ્રામજનો તથા પ્રા.શિક્ષક આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# સરડોઈ હાઈસ્કુલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



મોડાસા તાલુકાના સરડોઈની શ્રી એ. એમ. શાહ હાઈસ્કુલમાં દેશના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કેળવણી મંડળના પ્રમુખ ઈશ્વરભાઈ ભાવસારના હસ્તે તિરંગો લહેરાવવામાં આવ્યો હતો. આઝાદીના અમૃત પર્વની ઉજવણી પ્રસંગે શાળાના આચાર્ય ઘનશ્યામસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી દેશે આપણા માટે શું કર્યું એ નહીં પરંતુ દેશ માટે આપણે શું કર્યું એનું ચિંતન કરવા વિદ્યાર્થીઓને હાકલ કરી હતી. આ પ્રસંગે કેળવણી મંડળના ઉપપ્રમુખ ડૉ.પ્રમોદભાઈ શાહ, મંત્રી અરૂણભાઈ ગોર, ગ્રામ પંચાયતના સરપંચ અનિલસિંહ રહેવર તેમજ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

# લીઓ કલબ-બાયડ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

### વલ્લભનગર પ્રાથમિક શાળામાં લીઓ પ્રમુખ ઋગ્વેદ પટેલે તિરંગો લહેરાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

લીઓ કલબ-બાયડ દ્વારા રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની



તા.૧૫ ઑગષ્ટના રોજ ઉજવણી કરવામાં આવી. વલ્લભનગર પ્રા.શાળામાં લીઓ પ્રમુખ ઋગ્વેદ પટેલે તિરંગો લહેરાવ્યો હતો. પ્રા.શાળામાં ધ્વજવંદનના કાર્યક્રમને યાદગાર બનાવવા માટે લીઓ કલબ-બાયડ દ્વારા શાળાને મોમેન્ટો આપવામાં આવી હતી.

તા.૧૫ ઑગષ્ટના રોજ કોરોનાને ભૂલીને શૈક્ષણિક સંકુલોમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. લાયન્સ-લીઓ કલબ તેમજ જાયન્ટ્સ ગૃપ દ્વારા વિવિધ શૈક્ષણિક સંકુલોમાં ધ્વજવંદનના કાર્યક્રમ યોજાયા. લીઓ કલબ-બાયડ પ્રમુખે વલ્લભનગર પ્રા.શાળામાં ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે લીઓ કો.ચેરપર્સન ચિરાગ પરમાર, પૂર્વ પ્રમુખ કથન પટેલ, સેક્રેટરી જયકિશન જયસ્વાલ, ટ્રેઝરર અલ્પેશ રાઠોડ, દિપ સોની, પ્રા.શાળાના આચાર્ય નીતાબેન ઉપાધ્યાય તથા શાળા સ્ટાફે લીઓ કલબના સર્વ સભ્યોને આવકારી સન્માન કર્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમમાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# આકરૂન્દ હાઈસ્કુલમાં રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણી

### શાળાના શિક્ષક શાંતિલાલ એન. પટેલે તિરંગો લહેરાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં તા.૧૫ ઑગષ્ટના રોજ



રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણી કરવામાં આવી. શાળાના ઉ.મા. વિભાગના શિક્ષક શાંતિલાલ એન. પટેલે ઐતિહાસિક તિરંગો લહેરાવ્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવને યાદગાર બનાવવા માટે ૭૫ ફૂગ્ગા સાથે ધ્વજવંદનના પર્વને ઐતિહાસિક બનાવ્યું હતું.

સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવને ઉજવવા માટે પ્રજામાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો. કોરોનાના કારણે શૈક્ષણિક સંકુલોમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન લગભગ મુલત્વી રહ્યું હતું પરંતુ દેશભક્તિના ગીતો સાથે આઝાદીના ઉત્સવને વણી લેવામાં આવ્યો હતો. આકરૂન્દ હાઈસ્કુલમાં યોજાયેલા રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓ સહિત આમંત્રિતો, કેળવણી મંડળના સભ્યો, વાલીઓ તેમજ જી.આર.ડી., હોમગાર્ડના જવાનો ઉપસ્થિત રહ્યા હતા. આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલે તમામ આમંત્રિતોને આવકારવાની સાથે રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સારા કાર્યો કરવા માટે સૌને સંકલ્પબદ્ધ કર્યા હતા તે પૂર્વે આકરૂન્દ હાઈસ્કુલના આચાર્ય જે.ડી.ભાટી, કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, ઉપપ્રમુખ નરસિંહદાસ પટેલ, નિવૃત્ત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી રણછોડભાઈ દેસાઈ વગેરેએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ઉદ્‌બોધન કર્યું હતું. આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા ઐતિહાસિક ધ્વજવંદન કરનાર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં આકરૂન્દ ગ્રામ પંચાયત સરપંચ લલીતાબેન પટેલ, ઉપસરપંચ અને આકરૂન્દ કેળવણી મંડળ સહમંત્રી દિનેશભાઈ પટેલ, પંચાયત સદસ્ય અમૃતભાઈ સહિત મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક આકાશભાઈ પટેલ, મનહરભાઈ



શાળાના શિક્ષકનું મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. તેમનો પ્રતિભાવમાં જણાવ્યું કે આ મને શાળામાં ધ્વજવંદન કરવાની તક મળી તેને જીવનનો સૌથી શ્રેષ્ઠ પ્રસંગ ગણાવી સંસ્થાના ભૌતિક વિકાસ માટે રૂા.૫૧,૦૦૦નું દાન આપવાની જાહેરાત કરી હતી. પટેલ દ્વારા કરવામાં આવ્યું. આભારવિધિ પ્રા. વિભાગના આચાર્ય ગીતાબેન પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનો સફળ બનાવવામાં શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, તુષારભાઈ પટેલ, ક્લાર્ક જગદીશભાઈ પટેલ તથા સ્ટાફે સહયોગ આપ્યો હતો.

## વાત્રક હોસ્પિટલની મુખ્ય દાતાએ મુલાકાત લીધી

શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડક્ષ સંચાલિત વાત્રક હોસ્પિટલમાં મુખ્ય દાતા ચંદ્રકાન્તભાઈ ઘોઘરી (એમીરટ્સ ચેરમેન : આરતી ગૃપ)ના જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરી ૭૬મા જન્મ દિને શુભેચ્છા પાઠવવા તથા તેમના દિર્ઘાયું, નિરોગી જીવન માટે મંડક્ષ સંચાલિત સંસ્થાઓના હોદ્દેદારો, ડૉક્ટરો તથા કર્મચારીઓની શુભેચ્છા સભા યોજવામાં આવી હતી. શ્રી ચંદ્રકાન્તભાઈ ઘોઘરી વાત્રક ખાતેની બધી સંસ્થાઓના ફક્ત મુખ્ય દાતા જ નહીં પણ સંસ્થાઓના રચનાત્મક વિકાસમાં અને દ્રષ્ટી સંપન્ન અમૂલ્ય યોગદાન પુરૂ પાડ્યું છે.

### સરકારના આદેશ છતાં પુરવઠા તંત્ર સૂસ્તીમાં

# જિલ્લામાં બાયોડીઝલના સંગ્રહ-વેપાર સામે પુરવઠા તંત્ર ધૃતરાષ્ટની ભૂમિકામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

રાજ્ય સરકારે બાયોડીઝલના સંગ્રહ અને વેપાર ઉપર રોક લગાવી તવાઈ લાવવા માટે આદેશ આપ્યા છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પુરવઠા તંત્ર સુસ્તીમાં હોય તેવું લાગી રહ્યું છે. બાયોડીઝલના ગેરકાયદેસર વેચાણને અટકાવવા માટેની જવાબદારી માત્ર પોલીસની હોય તેમ કાર્યવાહી થતી દેખાય છે. બંન્ને જિલ્લામાં સરકારના આદેશ પછી પણ પુરવઠા વિભાગ બાયોડીઝલ મુદ્દે ધૃતરાષ્ટની ભૂમિકામાં હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

રાજ્ય વ્યાપી બાયોડીઝલના ગેરકાયદેસર વેપલા ઉપર અંકુશ મૂકવા માટે આદેશ અપાયા પછી ઠેર ઠેર છાપા મારી પોલીસ બાયોડીઝલનો જથ્થો જપ્ત કરવા દોડી રહી છે. બાયોડીઝલના વેચાણના કારણે રાજ્ય સરકારની આવકને નુક્સાન થવાની સાથે વાહનો તેમજ પર્યાવરણને નુક્સાન થઈ રહ્યું છે જેથી સરકાર દ્વારા બાયોડીઝલના નામે ભળતા પદાર્થનું વેચાણ તાત્કાલિક ધોરણે બંધ કરવાના આદેશ અપાયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર ચાલતો બાયોડીઝલનો વેપલો બંધ કરાવવા માટે આદેશ અપાયા પછી તૂરત જ પોલીસ તંત્ર હરકતમાં આવતાં અત્યાર સુધીમાં ધનસુરા, માલપુર, બાયડ, હિંમતનગર સહિતના વિસ્તારોમાં પોલીસે ત્રાટકી અત્યાર સુધીમાં લાખો રૂપિયાનો ગેરકાયદેસરનો જથ્થો જપ્ત કરી આરોપીઓ સામે કાર્યવાહી શરૂ કરી પંરતુ બંન્ને જિલ્લામાં પુરવઠા તંત્ર બાયોડીઝલ મુદ્દે મગનું નામ મરી પાડવા માટે તૈયાર ન હોય તેવું જણાઈ રહ્યું છે. છેલ્લા કેટલાય દિવસોથી માત્ર ને માત્ર પોલીસ બાયોડીઝલનો જથ્થો પકડવા માટે દોડતી હોવાના કારણે પુરવઠા વિભાગની કામગીરી સામે આંગળીઓ ચિંધાઈ રહી છે.